ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૧ ટકા ● સાંજે ૧૭ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગરના બે યુવા ખેલાડીઓની ગુજરાત કબડ્ડી ટીમમાં પસંદગી

આવતીકાલથી અયોધ્યા ખાતે શરૂ થઈ રહેલી સીનિયર નેશનલ ચેમ્પિયનશીપ માટે મહેન્દ્ર ચૌધરી અને મોહિત ભરવાડની પસંદગી કરાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના વિવિધ રમતોના યુવા ખેલાડીઓ હવે રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી રહ્યા છે. જેમાં હવે કબડ્ડી રમતના વધુ બે ખેલાડીઓનો ઉમેરો થયો છે. આગામી તા.૧ ઉમી એપ્રિલથી અયોધ્યા ખાતે શરૂ થઈ રહેલી ૬૮મી સીનિયર નેશનલ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમમાં ગાંધીનગરના બે યુવા ખેલાડીઓ મહેન્દ્ર ચૌધરી અને મોહિત ભરવાડની પસંદગી થવા પામી છે અને આજે તેઓ અયોધ્યા જવા રવાના થઈ ગયા છે.

ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે તા. ૧ ઉમી એપ્રિલથી તા. ૧૭મી એપ્રિલ દરમિયાન ૬૮મી સીનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશીપ યોજાઈ રહી છે. જેમાં દેશભરમાંથી વિવિધ રાજયોની ટીમો ભાગ લઈ રહી છે. રાષ્ટ્રીય કક્ષાની આ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમ કપ્તાન કિશન પંડયાના નેતૃત્વ હેઠળ જાહેર કરવામાં આવી છે. જેમાં ૧૨ ખેલાડીઓ પૈકી ૨ ખેલાડીઓ ગાંધીનગરના છે. જે પૈકી મહેન્દ્ર ચૌધરી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાંથી અને મોહિત ભરવાડ સરકારી વિનયન કોલેજમાંથી પસંદગી પામ્યા છે. આ ખેલાડીઓને બંને કોલેજના આચાર્યો તથા સ્ટાફ દ્વારા ઉપરાંત સમર્પણ કેમ્પસના મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા બંને કોલેજના ડીપીઈ પ્રા. એ.જી. પટેલ અને પ્રા. મહેન્દ્ર મોડીયાએ અભિનંદન પાઠવ્યા છે.

ભાજપના કાર્યકરો કોરોનાગ્રસ્ત પરિવારોની મદદે ઘરે ઘરે ફરશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મહાનગરના ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાજયમાં કોરોના મહામારીની પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષીને રાજય ચૂંટણી આયોગે આગામી ૧૮ એપ્રિલે યોજાનારી ગાંધીનગર મનપાની ચૂંટણીને હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે જેને શહેર ભાજપા સંગઠન આવકારે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તેમજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ચૂંટણી પંચને ગાંધીનગર મનપાની ચૂંટણીને મોકૂફ રાખવા માટે પત્ર લખ્યો હતો.

શ્રી ભટ્ટે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોમાં વિશ્વભરમાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે, ગુજરાતમાં પણ મહામારીના કેસોમાં વધારો નોંધાયો છે ત્યારે ચૂંટણી પંચે ચૂંટણી મોકૂફ રાખવાનો કરેલો નિર્ણય સરાહનીય છે. શહેરના નાગરિકો મહત્તમ મતદાન કરી પોતાનો ચુકાદો આપી શકે, ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા કર્મચારીઓને કોરોના સંક્રમણની ભીતિ ન થાય તે સુનિશ્ચિત કરવા ચૂંટણી પંચે ચૂંટણી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. ભાજપાનો કાર્યકર્તા ફક્ત એક રાજકીય કાર્યકર્તા નથી, સામાજિક કાર્યકર્તા છે. કોઈ પણ પ્રકારની આફતમાં જનતાની પડખે ઉભા રહી સેવા કરવી એ ભાજપાના કાર્યકર્તાનો ગુણધર્મ છે. જનતાએ પણ પ્રત્યક્ષ રીતે અનુભવ્યું છે કે આફતની ઘડીમાં ફક્ત ભાજપાના કાર્યકર્તાઓએ ખડેપગે રહી સહયોગ કર્યો છે. લોકડાઉનના સમયમાં 'સેવા હી સંગઠન'ના ભાવ સાથે ભાજપા કાર્યકર્તાઓએ પોતાની ચિંતા કર્યા સિવાય જરૂરિયાતમંદોને ભોજન, રાશન, દવાઓ, માસ્ક, સેનેટાઈઝરનું મોટા પાયે વિતરણ કરી ખૂબ મોટો સેવાયજ્ઞ કર્યો હતો ત્યારે અન્ય કોઈ રાજકીય પાર્ટીના કાર્યકર્તાઓ જનતાની સેવામાં દેખાયા ન હતા, જેની જનતા સાક્ષી રહી છે.

શ્રી ભટ્ટે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં સરકારી તંત્ર તેમજ શ્રી સી.આર. પાટીલના માર્ગદર્શનમાં ભાજપાના કાર્યકર્તાઓ જનતાની સેવામાં અવિરતપણે લાગેલા છે. આપણા સૌના સહિયારા પ્રયત્નોથી આપણે આ વૈશ્વિક મહામારીને પરાસ્ત કરવામા જરૂરથી સફળ નિવડીશું. શહેરમાં કોરોનાના કેસ વધ્યા છે ત્યારે ગાંધીનગર મહાનગર ભાજપા સંગઠન જનતાની સેવા માટે ખડે પગે છે. નાગરિકોને, હોમ ક્વોરેન્ટાઈન થયેલા દર્દીઓને કોરોના સંબંધી મદદ પહોંચાડવા મહાનગરમાં વોર્ડ વાઈઝ ભાજપા સંગઠનની કોરોના સહાય ટીમની નામ અને મોબાઈલ નંબર સાથે ઘોષણા કરવામાં આવી છે જેની માહિતી આ અખબારી યાદી સાથે જોડેલ છે. મહાનગરના પ્રત્યેક વોર્ડમાં જનતા માટે ધન્વંતરિ રથ, દવાઓ તબીબોની ટીમ, હોમિયોપેથીક તેમજ આયુર્વેદિક આરોગ્યવર્ધક દવાઓ ઉપલબ્ધ થાય તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

જન્મદિને વધામણી

જીગર એન પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગ્રૂપ)

ફોરમ
અશોકકુમાર ઠાકોર

રુહાની
કિરણકુમાર ગોહિલ



નિર્મળાબેન ટી. ખત્રી
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨

નિખિલ બાલકૃષ્ણ જોષી
મો. ૬૩૫૪૧ ૩૦૨૫૫

શહેરના વહીવટ માટે તટસ્થ વહીવટદારની નિમણૂંક કરો : શહેર વસાહત મહાસંઘ

જે સત્તાધીશો પર મ્યુ. કમિશનર સાથે મિલીભગત કરી ભ્રષ્ટાચાર અને ગેરવહીવટના આક્ષેપો થયેલા છે તેમને ફરી વહીવટ સોંપાશે તો તેઓને ભીનુ સંકેલવાનો મોકો મળશે અને નાગરિકો સાચી હકીકત જાણી નહી શકે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરમાં કોરોના સંક્રમણને પગલે મહાનગરપાલિકાની ચૂંટણી મુલ્તવી રાખવા સરકારને સતત અપીલ કરી હતી જેના અન્ય સંસ્થાઓ પણ જોડાતાં પરિપાકરૂપે ચૂંટણીપંચ દ્વારા ચૂંટણી મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે માટે મુખ્યમંત્રીએ પણ કરેલી દરખાસ્ત બદલ મહાસંઘે આભારની લાગણી વ્યક્ત કરી છે. આ સાથે શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરના વહીવટ માટે તેમજ વર્તમાન સત્તાધીશો દ્વારા મ્યુનિસિપલ કમિશનર સાથે મીલીભગત કરીને વિકાસકાર્યોમાં આચરાયેલા ભ્રષ્ટાચારના આક્ષેપોને અનુલક્ષીને વહીવટદારની નિમણૂંક કરવા મુખ્યમંત્રીને વિનંતી કરી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે મહાનગરપાલિકાના જે સત્તાધીશઓની મુદત પુરી થઈ રહી છે તેમની પર તેમના સત્તાકાળ દરમ્યાન અસંખ્ય ગેરવહીવટ, ભ્રષ્ટાચાર, ખોટા નિર્ણયો, વગર ટેન્ડરે કામોના ઓર્ડર આપી દેવા, ગેરકાયદેસર બાંધકામ કરવું તથા ગ્રાન્ટને ખોટી રીતે વાપરી દુરૂપયોગ કરવો અને સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવોને ધ્યાનમાં લીધા વગર મનસ્વી રીતે વહીવટ કરવાના આક્ષેપો થયેલાં છે. આ સત્તાધીશો પર મ્યુનિસિપલ કમિશનર સાથે મિલીભગત કરીને આ પ્રકારે ગેરવહીવટ ચલાવાતો હોવાના ભરપુર આરોપો લાગેલા હોવાથી હજુ જો તેમને વહીવટ કરવા દેવામાં આવશે તો તેઓ ચૂંટણી જાહેર થઈ જવાથી રહી ગયેલા બાકી હિસાબોની પતાવટ કરીને પ્રજાના ટેક્ષના નાણાંનો વધુ દુરૂપયોગ કરે તેવી શક્યતા છે. તેથી જો કોઈ આઈએએસ અધિકારીની વહીવટદાર તરીકે નિમણૂંક કરી શહેરનો વહીવટ સોંપાય તો આ ભ્રષ્ટાચાર અને ગેરવહીવટની સાચી વિગતો બહાર આવી શકે અને પ્રજાના પરસેવાના નાણાંનો વેડફાટ અટકાવી શકાય તેવી મુખ્યમંત્રીને અપીલ કરવામાં આવી છે.

ચ માર્ગ પર અકસ્માત કરી ભાગી ગયેલા કાર ચાલક સામે યુવકે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર સેકટર-૧૧ અખબાર ભવન ચાર રસ્તાથી આગળ જયુપીટરને પાછળથી અલ્ટો કારના ચાલકે ટકકર મારી હતી.જેમાં જયુપીટર ચાલક યુવક નીચે પટકાયો હતો. યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર લઈ ગયા હતા.ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયારે બનાવ અંગે યુવકે અલ્ટો કારના ચાલકે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ શ્રીનગર ૯૨-૪૦૦ ખાતે રહેતા કુવરસિંહ મહેન્દ્રસિંહ યાદવ (ઉં.૩૨) પોતાના પરિવાર સાથે રહે છે. જયારે કુવરસિંહ એસટી ડેપોના પાછળના ગેટ પાસે સપના પકોડી સેન્ટર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. બનાવ ગત ૧૧ ફેબુઆરી માસનો છે. જેમાં કુવરસિંહ પોતાનું જયુપીટર નં.જી.જે.૧૮ડી.બી.-૬૮૮૯ લઈને સવારના ૧૧ વાગ્યાના અરસામાં ચ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે પાછળથી અલ્ટો કાર નં.જી.જે.૦૨. ડી.ઈ.૧૧૪૧ ના ચાલકે પાછળથી ટક્કર મારતા તેઓ કુવરસિંહ નીચે પટકાયા હતા. જેને પગલે તેઓને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. યુવકને ખાનગી વાહનમાં ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. સારવાર બાદ યુવક સ્વસ્થ થતા તેણે ફરાર કાર ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

'દર રવિવાર પર્યાવરણ દિવસ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે, આ કપરાં સમયે નાગરિકો સાવચેતીના પગલાંરૂપે પોતાના ઘરમાંથી બહાર નીકળતાં પણ ખચકાઈ રહ્યા છે. આ સ્થિતિમાં એન્વાર્યમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટના સ્વયંસવકો પર્યાવરણ બચાવવાનો સંકલ્પ કરીને તેને માટે પ્રાયસ કરી રહ્યા છે. જેના ભાગરૂપે તેમણે દર રવિવારને પર્યાવરણ દિવસ તરીકે ઉજવવા આહવાન કર્યું છે.

આ અંતર્ગત આજે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં અઘોરી આશ્રમ ખાતેના છબીલા હનુમાનજી મંદિર પાસે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ અભિયાન અંતર્ગત મહેન્દ્રગીરી બાપુ તથા સુરેશભાઈ જેવા પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા વડ, જાંબુ, જામફળ, બોરસલી જેવા દેશીકુળના વૃક્ષો વાવવાનું કાર્ય હાથ ધરવામા આવ્યું છે. તેમજ આ અભિયાનમાં જોડાવવા માટે તમામ પર્યાવરણ પ્રેમીને આહવાન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંગેની માહિતી તથા કાર્યક્રમોની વિગતો જાણવા સંસ્થાના ફેસબુક પેજ 'ઈસીડીસીટ્રસ્ટ'ને ફોલો કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. શાહ સુરેખાબેન પ્રવિણભાઈ, ઉ.વ. ૬૦, હાલીસા, દહેગામ
- સ્વ. ચૌધરી અંબાબેન રમણભાઈ, ઉ.વ. ૬૦, લિમ્બોદ્રા, માણસા
- સ્વ. પ્રજાપતિ રાજેશભાઈ ઠાકરસીભાઈ, ઉ.વ. ૪૪, સેકટર-૨૨
- સ્વ. ત્રિવેદી હરકાન્તભાઈ મુકુન્દરાય, ઉ.વ. ૭૭, સેકટર-૨૮
- સ્વ. મકવાણા તુલસીભાઈ અમથાભાઈ, ઉ.વ. ૮૮, સેકટર-૩૦
- સ્વ. ચાવડા કરણસિંહ કેશરીસિંહ, ઉ.વ. ૬૩, રંગપુર, માણસા
- સ્વ. ચૌધરી અંબાબેન ભેમાભાઈ, ઉ.વ. ૪૬, ધણપ
- સ્વ. ચૌધરી દલસંગભાઈ ગણેશભાઈ, ઉ.વ. ૭૫, પ્રતાપપુરા, માણસા
- સ્વ. પ્રજાપતિ ચંચળબેન ધૂળાભાઈ, ઉ.વ. ૭૫, જમીયતપુરા
- સ્વ. પટેલ શાંતિલાલ ભાઈલાલભાઈ, ઉ.વ. ૭૧, કલોલ
- સ્વ. જાદવ કેતનભાઈ પિતામ્બરભાઈ, ઉ.વ. ૫૪, કલોલ
- સ્વ. જોષી બકુલ કનૈયાલાલ, ઉ.વ. ૫૧, સેકટર-૨૨
- સ્વ. શર્મા અનિતાબેન જગપાલ, ઉ.વ. ૫૧, કલોલ
- સ્વ. પટેલ રાઈબેન જયંતીલાલ, ઉ.વ. ૫૭, મણીપુરા, વિજાપુર
- સ્વ. ઠાકોર ડાઈબેન રામસંગજી, ઉ.વ. ૭૦, ઈન્દ્રોડા
- સ્વ. ચૌહાણ મંજુલાબેન રમેશભાઈ, ઉ.વ. ૬૫, સેકટર-૫
- સ્વ. દેવ મોરારી સુમિત્રાબેન પ્રભુદાસ, ઉ.વ. ૬૭, સેકટર-૩૦
- સ્વ. પ્રજાપતિ રૂકમણીબેન ચંદુલાલ, ઉ.વ. ૮૧, સેકટર-૩૦
- સ્વ. મોદી રસીકલાલ બાબુલાલ, ઉ.વ. ૬૭, સેકટર-૭
- સ્વ. પરમાર રોહિતકુમાર કાંતિલાલ, ઉ.વ. ૫૮, પેથાપુર
- સ્વ. પટેલ જમનાબેન દયાળજી, ઉ.વ. ૮૫, સેકટર-૧૯
- સ્વ. ગોલ કિરિટસિંહ હિંમતસિંહ, ઉ.વ. ૬૨, સેકટર-૩
- સ્વ. પટેલ દશરથભાઈ અંબાલાલ, ઉ.વ. ૬૩, રાયસણ
- સ્વ. પટેલ હીરાબેન શિવાભાઈ, ઉ.વ. ૭૪, શેરથા
- સ્વ. ગોહેલ ચીમનલાલ ઝવેરભાઈ, ઉ.વ. ૮૭, સેકટર-૩૦
- સ્વ. પટેલ મરઘાભાઈ પોપટભાઈ, ઉ.વ. ૭૮, નરસિંહપુરા, કડી
- સ્વ. દવે હીરાબેન મણીશંકર, ઉ.વ. ૯૩, સેકટર-૭
- સ્વ. પંચાલ રમેશભાઈ મંગળભાઈ, ઉ.વ. ૫૫, મડાદરા, કઠલાલ
- સ્વ. પટેલ અરવિંદકુમાર અંબાલાલ, ઉ.વ. ૬૫, સોલા, અમદાવાદ
- સ્વ. ગોસ્વામી કિશોરગીરી અમરતગીરી, ઉ.વ. ૬૦, લિમ્બોદ્રા, માણસા
- સ્વ. ઠાકોર ધુળાજી ભનુજી, ઉ.વ. ૬૩, સેકટર-૫
- સ્વ. રાવલ તેજલ ભરતભાઈ, ઉ.વ. ૪૩, મહુન્દ્રા
- સ્વ. ચાવડા પ્રેમબા પ્રવિણસિંહ, ઉ.વ. ૫૯, પેથાપુર
- સ્વ. પારેખ યોગેશકુમાર મંગળદાસ, ઉ.વ. ૫૪, સેકટર-૨૧
- સ્વ. ઠાકોર સોનીબેન ગોવિંદભાઈ, ઉ.વ. ૫૩, ચિલોડામોટા
- સ્વ. ચૌધરી જીવતબેન વેલજીભાઈ, ઉ.વ. ૬૭, ઈશ્વરપુરા, માણસા
- સ્વ. બિહોલા લીલાબેન મગનજી, ઉ.વ. ૭૧, રતનપુર
- સ્વ. દરજી બાબુલાલ કેશવલાલ, ઉ.વ. ૬૬, કોલવડા
- સ્વ. બારોટ વિજયભાઈ હાલાભાઈ, ઉ.વ. ૬૫, પેથાપુર

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ માધવલાલ નારાયણદાસ, ઉ.વ. ૯૪, કલોલ
- સ્વ. ઠાકોર જીવાજી કાનાજી, ઉ.વ. ૫૩, ધોળાકુવા
- સ્વ. પંચાલ ભીખાભાઈ મયુરભાઈ, ઉ.વ. ૫૮, લવારપુર
- સ્વ. તપોધન અરવિંદભાઈ વાલજીભાઈ, ઉ.વ. ૬૯, સેકટર-૨
- સ્વ. પટેલ અરૂણભાઈ રતીલાલ, ઉ.વ. ૮૩, જાખોરા
- સ્વ. રંગુનવાલા નેષધ દોલતરામ, ઉ.વ. ૬૧, સરગાસણ
- સ્વ. મકવાણા સુરેશચંદ્ર પુરૂષોત્તમદાસ, ઉ.વ. ૬૪, સેકટર-૨
- સ્વ. પટેલ ચંદ્રકાન્ત પરસોત્તમભાઈ, ઉ.વ.૬૯, રાંદેસણ
- સ્વ. યાદવ અરૂણકુમાર રામમુરત, ઉ.વ. ૪૧, છત્રાલ, કલોલ

પાટનગરના એક નાગરિકની જીદે શહેરીજનોને જોખમી ચુંટણીઓથી બચાવ્યા

અત્યંત જોખમી તબક્કામાં પહોંચેલા કોરોના સંક્રમણ વચ્ચે યોજાનાર મહાનગરપાલિકાની ચુંટણી મોકુફ રખાવવામાં શહેર વસાહત મહાસંઘની મહત્વની ભૂમિકા : વસાહત મહાસંઘના નેજા હેઠળ પ્રમુખ કેસરીસિંહ બિહોલાની આક્રમક લડતે અન્ય સંસ્થાઓને પણ પ્રેરિત કરી પરિણામ લાવી દેખાડયું

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર દેશમાં કોરોના સંક્રમણની બીજી લહેર અત્યંત જોખમી રીતે પ્રસરી વળી છે અને ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ ખૂબ ચિંતાજનક પરિસ્થિતિ સર્જાવા પામી છે. છેલ્લાં કેટલાંક દિવસોથી સતત વણસી રહેલી પરિસ્થિતિમાં ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓ મોકુફ રાખવાનો વિરોધ ઘેરો બની રહ્યો હતો જેમાં છેલ્લે મુખ્યમંત્રીએ પણ ચુંટણી પંચ સમક્ષ દરખાસ્ત મુકવી પડી. જે પછી રાજય ચુંટણી પંચે મહાનગરપાલિકાની ચુંટણી મોકુફ રાખવાનો નિર્ણય લીધો છે. જો કે શહેરમાં સતત વધી રહેલા કોરોના સંક્રમણને પગલે ચુંટણીઓ મુલત્વી રાખવા માટે અનેક સંસ્થાઓ દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી જેમાં ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા પ્રમુખ કેશરીસિંહ બિહોલાની આગેવાની હેઠળ સૌથી પહેલા આવેદનપત્ર આપ્યું હતું અને એક તબક્કે જયારે સૌ કોઈએ માની લીધું હતું કે હવે ચુંટણી યોજાઈને જ રહેશે ત્યારે પણ મહાસંઘે તેની લડત ચાલુ રાખીને નાગરિકોના જાહેર સ્વાસ્થ્ય સંબંધી હિતકારણ નિર્ણય લેવાય તે માટે ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

રાજયભરમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓ સહિતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ યોજાયા બાદ અચાનક વધી ગયેલા કોરોના સંક્રમણને પગલે ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણી યોજાશે કે કેમ તે અંગે શંકા-કુશંકા પ્રવર્તી રહી હતી. આ સમયે ચુંટણીપંચ દ્વારા ચુંટણી યોજવાની કામગીરીની સંપૂર્ણ તૈયારી સંપન્ન કરીને ચુંટણી યોજવા પંચ સજ્જ હોવાની પ્રતિતિ કરાવતાં જ સતર્ક બનેલા કેશરીસિંહ બિહોલા દ્વારા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના નેતા હેઠળ ચુંટણી ન યોજવા જાહેર અપીલો શરૂ કરી દેવામાં આવી હતી. આમ છતાં ચુંટણીઓ યોજવા મકકમ બનલી સરકાર અને ચુંટણી પંચની હિલચાલ જોતા તેમણે વસાહત મહાસંઘના હોદ્દેદારો સાથે મળીને તા. ૧૮મી માર્ચના રોજ રાજયના ચુંટણી કમિશનર સહિત જિલ્લા કલેકટર, મેયર, મ્યુનિસિપલ કમિશનર વગેરેને આવેદનપત્ર આપ્યું હતું તેમજ તેની એક એક નકલ રાજયના મુખ્યમંત્રી તથા કેન્દ્રિય ગૃહમંત્રીને પણ મોકલી આપી હતી. જોકે તેમની આ સતર્કતા નિહાળી વિરોધ વધે તે પહેલા ડામી દેવાની નીતિ અપનાવતા ચુંટણીપંચે તા. ૧૯મી માર્ચે જ ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓ જાહેર કરી દીધી હતી જયારે બીજી તરફ શહેરમાં કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં મોટો વધારો થવા લાગ્યો હતો.

કેશરીસિંહ બિહોલાની આગેવાનીમાં વસાહત મહાસંઘે જાહેર કરાયેલી ચુંટણીને મુલત્વી રાખવા સતત પ્રેસ-મિડીયાના માધ્યમથી અપીલો કરવાનું ચાલુ રાખ્યું હતુ. જેમાં શરૂઆતમાં શહેરની સ્વૈચ્છિક સંસ્થા જોડાઈ હતી પરંતુ સતત વધતા કેસોની સંખ્યા છતાં સરકાર કે ચુંટણી પંચ દ્વારા નમતું જોખવામાં ના આવતા ધીરે ધીરે આ સંસ્થાઓએ આશા છોડી 'હવે તો શું થાય' તેવો સ્વીકાર કરી લેવા માંડયો હતો. આ દરમિયાન ચુંટણી યોજવા મકકમ બનેલા સત્તાધીશ પક્ષના અનેક અગ્રણીઓએ કેશરીસિંહને ફોન કરીને તેમજ રૂબરૂ મળીને વિરોધ છોડી દેવા સમજાવવામાં કોઈ કસર છોડી નહતી પરંતુ બીજી તરફ કેશરીસિંહે પોતાના સાથી હોદ્દેદારો સાથે મળીને સેકટરમાં બેઠકો યોજી નાગરિકોનો અભિપ્રાય મેળવવાનું શરૂ કરી દીધુ હતું. જેમાં સરેરાશ સામાન્ય નાગરિકોએ ચુંટણી ના યોજાવી જોઈએ તેવો મત વ્યકત કરતા તેમની પડખે હોવાની હૈયાધારણ આપી હતી. આ સમયગાળામાં ગાંધીનગરમાં કોરોના દર્દીઓનો મૃત્યુઆંક પણ વધવા લાગતા સ્થિતિ ફરી ચિંતાજનક બની હતી. ત્યારે વસાહત મહાસંઘે શહેરમાં ૭૦ હજાર જેટલાં નિવૃત્ત અને વરિષ્ઠ વયના મતદારો હોવાથી તેમના હિતમાં ચુંટણી રદ કરવાની માંગ શરૂ કરવા સાથે સેકટર-૨ અને સેકટર-૫માં જાહેર સ્થળો જેવા કે શોપીંગ સેન્ટર, બગીચા વગેરેમાં બેનરો સાથે વિરોધ પ્રદર્શન સતત ચાલુ રાખ્યું હતું. સતત વધી રહેલા મૃત્યુદરને પગલે શહેરની અન્ય અગ્રણી સંસ્થાઓ જેવી કે જાગૃત નાગરિક પરિષદ, વસાહત મહામંડળ, સિનિયર સિટીઝન કાઉન્સિલ, પેન્શનર્સ સમાજ, જયોતિ મહિલા મંડળ, એન્જિનીયર્સ એસોસિએશન સહિત અન્ય સંસ્થાએ પણ ફરી રજૂઆતો આરંભી હતી. આ દરમિયાન શહેરના વેપારી વર્ગે અને અગ્રણી નાગરિકોએ કેશરીસિંહને અંગત રીતે ફોન કરીને પણ હિંમત આપતા વસાહત મહાસંઘે પોતાની લડત વધુ આક્રમક બનાવી હતી. આ દરમિયાન કેટલીક રાજકીય પાર્ટીઓ દ્વારા પણ ચુંટણી મોકુફ રાખવાની દરખાસ્ત ચુંટણી પંચને કરવામાં આવી હતી જેના પગલે દબાણ વધતા છેવટે રાજયના મુખ્યમંત્રીએ જાતે ચુંટણી પંચને ચુંટણી મોકુફ રાખવાની દરખાસ્ત કરવી પડી હતી.જેના પરિપાકરૂપે ચુટણી પંચે અંતે ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓ મોકુફ રાખવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો અને વસાહત મહાસંઘે આ નિર્ણયને સામાન્ય નાગરિકની જીત ગણાવ્યો હતો.

ગાંધીનગરના પાલજ ગામના વતની કેશરીસિંહ બિહોલા ૧૯૯૨થી ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના નેજા હેઠળ શહેરમાં નાગરિકોના હક્ક અને પ્રાથમિક સુવિધાઓ અંગે અવાજ ઉઠાવતા રહ્યા છે. તેઓ સિંચાઈ વિભાગમાં સેકશન અધિકારી તરીકે ફરજ બજાળતા હતા ત્યારે સચિવાલય સ્ટાફ એસોસિએશનના પ્રમુખપદે ત્રણ વર્ષ સેવાઓ આપવા સાથે સચિવાલય સહકારી ઉપહાર ગૃહનું સંચાલન ૧૫ વર્ષ સુધી સંભાળી ચુકયા છે અને નિવૃત્તિ બાદ સતત સામાજિક કાર્યો ઉપરાંત પ્રકૃતિ રક્ષા અભિયાનને ટેકો આપીને પર્યાવરણના જતન માટે પણ સક્રીય રહ્યા છે. તેઓ હંમેશા નાગરિકોની પાયાની સુવિધા અંગે અવાજ ઉઠાવવાને નાગરિકોની સેવા માનવા સાથે ચુંટણી મોકુફ રાખવાના ચુંટણીપંચના નિર્ણયને પોતાની જીત કરતા સામાન્ય નાગરિકની જીત હોવાનું ગણાવી રહ્યા છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com